# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રાઝિલના રાષ્ટ્રપતિ સાથે ટેલિફોન પર વાત કરી (07 ઑગસ્ટ, 2025)

08 ઑગસ્ટ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે (07 ઑગસ્ટ, 2025) ના રોજ બ્રાઝિલના રાષ્ટ્રપતિ, મહામહિમ, શ્રી લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સાથે ટેલિફોન પર વાત કરી.

પ્રધાનમંત્રીએ ગયા મહિને બ્રાઝિલની તેમની મુલાકાતને યાદ કરી હતી, જેમાં બંને નેતાઓ વેપાર, ટેકનોલોજી, ઊર્જા, સંરક્ષણ, કૃષિ, આરોગ્ય અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોમાં સહકારને મજબૂત બનાવવા માટેના માળખા પર સંમત થયા હતા.

આ ચર્ચાઓ પર આધાર રાખીને, તેમણે ભારત-બ્રાઝિલ વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવાની તેમની પ્રતિબદ્ધતાની પુન:પુષ્ટિ કરી.

બંને નેતાઓએ પરસ્પર હિતના વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું.

બંને નેતાઓ એકબીજાના સંપર્કમાં રહેવા સંમત થયા.

નવી દિલ્લી

07 ઑગસ્ટ, 2025